# માળીયા હાટીનાનાં મે.જયુડી. મેજી. ફ. ક. સાહેબ શ્રીની કોર્ટમાં,મુ. માળીયા હાટીના

ફોજદારી કેસ નં.૬૦/૨૦૨૪
આંક : ૧૬

**ફરિયાદી** : **શ્રી સ ર કા ર...**

**વિ રૂ ઘ્ધ**

**આરોપીઓ** :
**(૧) રમેશભાઇ કાનાભાઇ પંડીત (એબેટ)**
**રહે. ચોરવાડ તા.માળીયા હાટીના**
**(૨) જેન્તિ લખમણભાઇ ચુડાસમા**
**રહે. ચોરવાડ તા.માળીયા હાટીના**
**(૩) રાજેશભાઇ ઉર્ફે રાજુ બચુભાઇ વાઢેર**
**રહે. ચોરવાડ તા.માળીયા હાટીના**
**(૪) રાજુભાઇ ઉર્ફે ગટો ચીનાભાઇ ચુડાસમા**
**રહે. ચોરવાડ તા.માળીયા હાટીના**
**(૫) નરશીભાઇ કાનાભાઇ બારીયા**
**રહે. ચોરવાડ તા.માળીયા હાટીના**

**ગુનો** : **જુગાર ધારા કલમ–૧૨ મુજબ.**

૧. આરોપીઓ વિરૂઘ્ધ જુગાર ધારા– ૧૨ મુજબનાં ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

૨. સદરહું કામે આરોપીઓ હાજર થયા બાદ તેને પોલીસ પેપર્સની વિનાં મૂલ્યે નકલો આપી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાની કબુલાત કરી એક અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જે કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોવાનું જણાતાં આરોપીઓને આક્ષેપિત ગુનાં માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૩. વધુમાં આ કામે ઉપરોકત હકીકત ઘ્યાને લીધી, કેસ પેપર્સ ઘ્યાને લીધા. આરોપીઓની કબુલાત અને આરોપીઓ તરફે થયેલ રજુઆત તથા કબુલાત પુરસીસનાં કારણો ઘ્યાને લેતાં આરોપીઓનો આ પ્રથમ ગુનો છે, હવે પછી આવો ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે, આરોપીઓ ગરીબ વર્ગનાં છે તથા ગુનો કર્યાનો તેઓએ પસ્તાવો અને અફસોસ કરેલ છે અને દયાની અરજ ગુજારેલ છે. વધુમાં, તમામ સંજોગો જોતાં આરોપીઓ ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા સંજોગો છે, તેવું અત્રેની કોર્ટનું નમ્ર પણે માનવું છે અને તે આધારે આરોપીઓની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તથા કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોરમેટીવ) હેતુને ઘ્યાનમાં રાખી ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**માળીયા હાટીનાનાં મે.જ્યુડી. મેજી. ફ. ક. સાહેબ શ્રીની કોર્ટમાં,મુ. માળીયા હાટીના**

**《 હુ ક મ 》**

- આરોપીઓને જુગાર ધારા કલમ– ૧૨ મુજબનાં ગુનાં માટે દોષિત ઠરાવી રૂા ૫૦૦/– લેખે કુલ રૂા. ૫૦૦ × ૪ કુલ રૂા. ૨,૦૦૦ /– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ ફરવામાં આવે છે.
- મુદામાલ રોકડ રકમ કોઈ કલેઈમ કરતુ ન હોય અપીલ સમયબાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય બાકીનાં મુદામાલનો નિયમોનુસાર નાશ કરવો.
- સદરહુ કામે મુદામાલ પરત આપવા અંગે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા તેના મુળ માલિકની ખરાઈ કરી પરત સોંપવો.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ–૧૪ મી, માહે માર્ચ, ૨૦૨૬ નાં રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.

સ્થળ : માળીયા હાટીના.

( બી.વી.ગોહિલ )
મુખ્ય જ્યુડી. મેજી. ફ. ક.,
માળીયા હાટીના
(જજ કોડ નં. – જી.જે. ૦૧૪૫૬)